# પ્રેસનોટ

તા. ૨૯-૭-૨૦૧૦

- **એમ.બી.એ./એમ.સી.એ. માં પ્રવેશ ઈચ્છૂક રાજ્યના ઈજનેરી / ફાર્મસી ના ૧૮૦૦ થી વધુ અંતિમવર્ષના વિદ્યાર્થીઓના પરિણામ જાહેર ન થતાં મુશ્કેલીમાં મુકાયા.**
- **રાજ્યની યુનિવર્સીટીના પરિણામ સમયસર જાહેર ન કરે તેનો ભોગ ઉચ્ચ કારકિર્દી ગુણવત્તા વિદ્યાર્થીઓ બને છે. સમયસર પરિણામ જાહેર કરવાની જવાબદારી યુનિર્વસીટીઓની છે.**

રાજ્યની વિવિધ યુનિર્વસીટીઓના અંતિમ વર્ષ ઈજનેરી / ફાર્મસી ના પરિણામો સમયસર જાહેર ન થતાં એમ.બી.એ./ એમ.સી.એ. માં ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જી.સેટ નો સારો સ્કોર મેળવ્યો હોવા છતાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિર્વસીટી (જી.ટી.યુ.) દ્વારા પ્રવેશ ગુણવત્તા યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો નથી આ અંગે રાજ્યની વિવિધ યુનિર્વસીટીના અંતિમ વર્ષના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા અને ગુજરાત યુનિર્વસીટીના સિન્ડીકેટ સભ્યશ્રી મનિષ દોશીએ યુનિર્વસીટીના કુલપતિશ્રી, રજિસ્ટ્રારશ્રી સમક્ષ રજુઆત કરતાં જણાવ્યું હતું કે વિવિધ યુનિર્વસીટી વચ્ચે સંકલનના અભાવે વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે ચેડાં થઈ રહ્યાં છે પરિણામો સમયસર જાહેર કરવાની જવાબદારી અને ફરજ યુનિર્વસીટી સત્તાવાળાની છે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિર્વસીટી એમ.બી.એ. / એમ.સી.એ. પ્રવેશ કાર્યવાહી માટે રાજ્યની સમગ્ર યુનિર્વસીટીના અંતિમવર્ષના પરિણામો જાહેર કરાવવા માટે વિશેષ પ્રયત્ન કરે અને સાથોસાથ, જ્યાં સુધી પરિણામો જાહેર ન થાય તો પ્રવેશ કાર્યવાહી અઠવાડિયા માટે મોકુફ રાખવાની માંગણી કરવામાં આવી છે.

(મનિષ એમ. દોશી)
પ્રવક્તા